# પ્રકરણ : ૩

## મોરારજીભાઈ ચૂંટણીમાં ડૉ. અમૂલ દેસાઈ સામે હારે છે

**-કેરસી દેબુ**

૧૯૫૨ માં ભારતના નવા બંધારણ પ્રમાણે પ્રથમ વખત સામાન્ય ચૂંટણી થવાની હતી. આઝાદી નવી નવી મળી હતી અને કોંગ્રેસ સિવાયના વિરોધ પક્ષો બાલ્યાવસ્થામાં હતા અને આઝાદી પહેલાથી વર્ચસ્વ જમાવી ચૂકેલા કોંગ્રેસ પક્ષનો સૂર્ય મધ્યાહ્નને તપતો હતો. કોંગ્રેસને હરાવીને બીજો કોઈ પક્ષ સત્તા પર આવે તેવી શકયતા પણ ન હતી.

જૂના મુંબઈ રાજય જેમાં ગુજરાત, મહારાષ્ટ્ર, સૌરાષ્ટ્ર અ થી ને કર્ણાટકનો સમાવેશ થતો હતો અને તે આખા ભારતમાં સૌથી મહત્વનું રાજય હતું. અહીં ૧૯૩૭ અને ૧૯૪૬ ની ચૂંટણીમા કોંગ્રેસનો વિજય થયો હતો અને બી.જી.ખેર મુખ્યમંત્રી બન્યા હતા. ખેર પ્રધાનમંડળમાં મોરારજીભાઈ ૧૯૩૭ માં મહેસૂલ, ખેતીવાડી અને જંગલ ખાતાના પ્રધાન હતા અને ૧૯૪૬ માં તેઓ ગૃહપ્રધાન બન્યા હતા. આમ, મોરારજીભાઈ બીજા નંબરનું સ્થાન ધરાવતા હતા.

૧૯૫૨ ની ચૂંટણીમા બાલાસાહેબ ખેર ઉમેદવારી કરનાર ન હતા અને પોતે હવે મુખ્યમંત્રી બનવા ઉત્સુક ના હોવાની જાહેરાત કરી દીધી હતી. આ સંજોગોમાં બીજી પસંદગી સ્વાભાવિક રીતે મોરારજીભાઈ ઉપર જ ઉતરે તેમ હતું.

મોરારજીભાઈ પોતાની આત્મકથામાં લખે છે કે તેઓ પોતે કેટલીક દ્વિધામાં હતા અને પોતે રાજયમાં કેટલાક પ્રશ્નો ખાસ કરીને રાજયોની પુર્નરચનાનો પ્રશ્ન વિકટ હતો અને તેઓની વિચારધારા તેઓના સાથી રાજકારણીઓથી અલગ હતી એટલે તેઓ આ સંઘર્ષથી બચવા માટે મુખ્યમંત્રી બનવા ખાસ ઉત્સુક ના હત. મોરારજીભાઈ લખે છે કે તેઓના મનમાં એવો વિચાર આવેલો કે પોતે ચૂંટણી હારી જાય તો આ ધર્મસંકટમાંથી બચી જવાય. આ વિચાર તેઓની પ્રકૃતિથી વિરૂધ્ધનો હતો તેનો તેઓને ખ્યાલ રહ્યો ન હતો.

(આ બધી વાતો ખૂબ જાણીતી છે અને તેઓની આત્મકથામાં મોજુદ છે. હવે નહી જાણીતી વાત કરીએ)

મોરારજીભાઈ આવાબાઈ સ્કૂલના નિવૃત હેડમાસ્તર એદલજી મહેતા નવસારીમાં રહેતા. ગુરૂ-શિષ્ય વચ્ચે લાગણીભર્યા સંબંધ જીવનપર્યંત જળવાઈ રહ્યો હતો. ૧૯૫૨ ની ચૂંટણીમા મોરારજીભાઈએ વલસાડ – ચીખલીની બેઠક પરથી ઉમેદવારી કરી હતી અને નવસારી માસ્તરજીના આશીર્વાદ લેવા એદલજીના ઘરે પધાર્યા હતા. માસ્તરજીએ આશીર્વાદ જરૂરથી આપ્યા પરંતુ સાથે ટકોર પણ કરી.

"મોરારજીભાઈ, મને લાગે છે કે તમે આ ચૂંટણીમા હારી જશો."

"શું વાત કરો છો માસ્તર સાહેબ, હું હારૂં એ તો શકય જ નથી પણ મારી સામે ઉભેલા ઉમેદવાર ડિપોઝીટ ગુમાવશે એ ચોક્કસ છે."

"મને વાતાવરણ તમારી વિરૂધ્ધમાં હોય તેવું લાગે છે."

"હું એ માનવા તૈયાર નથી અને મારા મતદારો પર વિશ્વાસ છે."

"મોરારજીભાઈ, મતદારો તમારાથી નારાજ છે."

“માસ્તર સાહેબ રાજયના મંત્રી તરીકે મેં જે કામગીરી કરી છે તેના આધારે  હું ચોક્કસ માનું છું કે મને ભવ્ય વિજય મળશે.”

“અને હારી ગયા તો?”

“તમે જો સજા કરશો તે મને મંજુર હશે.”

(મૂળ વાર્તાલાપમાં “મારૂં મોઢું કાળું કરજો” એવું બોલેલા)

આખી ગોષ્ઠી બહુ હળવાશથી થઈ હતી અને એદલજીના ઘરે તે સમયે હાજર એવા એક વડીલના મુખે આ વાત સાંભળી હતી.

(મોરારજીભાઈએ પોતાની આત્મકથામાં આવો બનાવ ટાંકેલો છે પરંતુ તેઓ હારી જશે એવો પ્રશ્ન પારડીમાં પૂછાયો અને આ વાર્તાલાપ મુજબનો જવાબ મોરારજીભાઈએ આપેલો એવો ઉલ્લેખ કર્યો છે.)

મોરારજીભાઈ સામે પ્રજા સમાજવાદી પાર્ટી તરફથી યુવાન નેતા ડૉકટર અમુલ દેસાઈ ઉભા હતા. વલસાડમાં જન્મેલા પરંતુ મુંબઈ ખાતે મેડીકલ પ્રેકટીસ કરતા હતા. ૧૯૪૯ થી ૧૯૫૩ સુધી મુંબઈ મહાનગર પાલિકામાં સમાજવાદી પક્ષની ટીકીટ પર ચૂંટાયા હતા. સ્વતંત્રતાની લડતમાં સક્રિય ભાગ લઈ ચૂક્યા હતા. સામાજીક, સહકારી અને કામદાર પ્રવૃતિમા ભાગ લેતા હતા. મોરારજીભાઈ જેવા ધુરંધર સામે ઉભા રહ્યા ત્યારે મોરારજીભાઈએ હરાવી દેશે એવું માનવા ભાગ્યે જ કોઈ તૈયાર થાય પરંતુ અમુલભાઈનો આત્મવિશ્વાસ ગજબનો હતો. બંને ઉમેદવારો અનાવિલ હતા અને બંનેની પ્રતિષ્ઠા સમાજમાં સરખી હતી. અનાવિલ સમાજમાં બે ભાગલા પડી ગયા હતા. મોરારજીભાઈ વર્ષો સુધી મુંબઈ રાજયમાં પ્રધાનપદે રહ્યા પરંતુ વલસાડ માટે કંઈ વિશેષ કર્યું ન હતું એટલે કેટલાક એવું માનતા હતા કે મોરારજીભાઈને ચૂંટી મોકલવાથી વલસાડને કોઈ ફાયદો થયો નથી. વળી મોરારજીભાઈએ કરેલા કેટલાક જમીન સુધારા અને દારૂબંધીના કાયદાને કારણે પારસીઓ પણ વિરૂધ્ધમાં હતા. આમ છતાં મોરારજી તરીકે વલસાડના જાણીતા પારસી આગેવાન શ્રી રૂસ્તમજી માણેકજી શ્રોફ વિગેરે હતા. આદિવાસીઓની વસ્તી પણ નોંધપાત્ર હતી અને તેમાં પ્રજાસમાજવાદી પાર્ટીના યુવા નેતા ઉત્તમભાઈ પટેલનો અમૂલભાઈને સાથ મળ્યો. મોરારજીભાઈ કોંગ્રેસના ઉમેદવાર હતા તેનું પ્રતિક બે બળદની જોડી અને અમૂલભાઈની પ્રજાસમાજવાદી પાર્ટીનું નિશાન ઝાડ – વટવૃક્ષ હતું. બળદ વિરૂધ્ધ ઝાડની લડાઈ હતી. પ્રચાર કાર્ય જોરશોરથી ચાલી રહ્યું હતું. અમૂલભાઈ અને સાથીદારો ગામડે ગામડે ફરીને પ્રચાર કરી રહ્યા હતા. અમૂલભાઈ પોતે સવા છ ફૂટ ઉંચા અને પ્રભાવશાળી વકતા પણ હતા. મુંબઈ નગરપાલિકામાં સભ્ય હોવાથી અનુભવ પણ હતો. બીજી તરફે મોરારજીભાઈ વધુ પડતા આત્મવિશ્વાસમાં રાચતા હતા. પોતે કોંગ્રેસ પક્ષના નેતા હોવાને કારણે બધા વિસ્તારમાં પ્રચાર કરવા જતા હતા પરંતુ પોતાના વિસ્તારમાં પ્રચાર માટે ભાગ્યે જ આવ્યા હતા. ચૂંટણીનું વાતાવરણ બરાબર જામી રહ્યું હતું. શરૂઆતમાં એક તરફી લાગતી સ્પર્ધા હવે વિશેષ તબક્કામાં પહોંચી ગઈ. કેટલાક લોકોને વાતાવરણ અમૂલભાઈ તરફે લાગવા માંડયું, બે બળિયા બાથે ભરાયા હોય તેવું વાતાવરણ બની ગયું.

ચૂંટણી પડધમ શાંત થયા અને મત ગણતરી શરૂ થઈ. ગણતરીમાં ભારે રસાકસી જામી હતી. મત પેટીઓ ખુલતી ગઈ અને શરૂઆતમાં મોરારજીભાઈ આગળ ચાલી રહ્યા હતા પરંતુ તફાવત બહુ સામાન્ય રહેતો હતો. અડધી ગણતરીએ બંને સમાન સ્થિતિ પર આવી ગયા. કોંગ્રેસ તરફી કાર્યકરોને ભારે આંચકો તો ત્યારે લાગ્યો જયારે અમૂલભાઈ મોરારજી કરતા આગળ નીકળી ગયા. કયારેક ફરી મોરારજી જુજ મતે આગળ જાય તો કયારેક અમુલભાઈ. છેલ્લા તબક્કાના આદિવાસી મતો પર કોંગ્રેસનો મદાર હતો પરંતુ ત્યાંથી પણ નિરાશા મળી. ગણતરી પૂરી થતા અમૂલભાઈ ૨૧૯ મતે આગળ રહ્યા. આ તબક્કે કોંગ્રેસના આગેવાનોએ ફેર મત ગણતરીની માંગણી કરી જે સ્વીકારવામાં આવી. વાતાવરણમાં ગરમી આવી ગઈ. અમૂલભાઈના સમર્થકોએ જોરદાર વિરોધ નોંધાવ્યો પરંતુ ફેર

ગણતરી માન્ય રાખવામાં આવી અને કેટલાક રદ થયેલા અને શંકાસ્પદ મતોને ગણતરીમાં લેતા અંતમાં અમૂલભાઈ માત્ર ૧૯ મતે ચૂંટણી જીતી ગયા.

રાજયના અન્ય ભાગોમાં કોંગ્રેસનો ભવ્ય વિજય થયો પરંતુ એ વિજય "ગઢ આલા પર સિંહ ગેલા" જેવો હતો. મુખ્યપ્રધાન પદના નિશ્ચિત મનાતા મોરારજીભાઈ ચૂંટણી હારી ગયા અને સાથે સાથે પ્રતિષ્ઠા પણ અમૂલભાઈ રાતોરાત હીરો બની ગયા. મોરારજીભાઈને હરાવી ન શકાય એ માન્યતા ખોટી પડી.